# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-03-2026 EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સરકારે ખાતરી આપી છે કે દેશમાં ખાતરનો પૂરતો ભંડાર છે.
2. પ્રધાનમત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતની મુલાકાતે. વાવ-થરાદ ખાતે 19 હજાર 800 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.
3. લોકસભામાં દેશને ડાબેરી ઉગ્રવાદથી મુક્ત કરવાના પ્રયાસો પર અને રાજ્યસભામાં કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો - સામાન્ય વહીવટ વિધેયક, 2026 પર ચર્ચા.
4. ચૂંટણીપંચે તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બહાર પાડ્યું.
5. ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો શરૂ.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# INTER-MINISTERIAL BRIEFING

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સરકારે આજે ખાતરી આપી છે કે દેશમાં ખાતરનો પૂરતો ભંડાર છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ અંગે આંતર-મંત્રીસ્તરીય બ્રીફિંગને સંબોધતા, ખાતર વિભાગના અધિક સચિવ, અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે દેશના યુરિયા પ્લાન્ટ હાલમાં તેમની ક્ષમતાના 80% ઉત્પાદન કરી રહ્યા છે.

(BYTE : APARNA SHARMA)

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ, સુજાતા શર્માએ જણાવ્યું હતું કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG અને PNG ની પૂરતી ઉપલબ્ધતા છે. તેમણે જણાવ્યું કે સરકારે આ સુનિશ્ચિત કરવા માટે વિવિધ સ્તરે અનેક પગલાં લીધા છે અને હજુ પણ તે ચાલુ છે.

(BYTE : SUJATA SHARMA)

# PRIME MINISTER'S VISIT TO GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ગુજરાતની એક દિવસીય મુલાકાતે આવશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વાવ-થરાદ ખાતેથી કુલ 19 હજાર 806 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ભારત સરકારના ઊર્જા, માર્ગ,પરિવહન અને હાઇવે તેમજ રેલવે મંત્રાલયના 10 હજાર 921 કરોડ રૂપિયાના અને ગુજરાત સરકારના શહેરી વિકાસ, જળ સંસાધન, પાણી પુરવઠા, માર્ગ અને મકાન, GIDC, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન અને આદિજાતિ વિકાસ વિભાગના 8 હજાર 886 કરોડ રૂપિયાના વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. એક અહેવાલ

VOICE CAST : AJAY INDREKAR

<u>પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી કચ્છ જિલ્લાના ખાવડા ખાતે વિશ્વના સૌથી મોટો હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક ખાતે ઊર્જા મંત્રાલય હેઠળના 3 હજાર 664 કરોડ રૂપિયાના 3 પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ ઉપરાંત, 750 કરોડ રૂપિયાના ખર્ચે ઇડર-બડોલી બાયપાસ ફોર લેન રોડ અને ધોળાવીરા-મૌવાણા-વોવા-સાંતલપુર વિભાગનું ખાતમુહૂર્ત કરશે.</u>

<u>તેમજ અમદાવાદ-ધોલેરામા 5 હજાર 105 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ પેકેજ 1 થી 4 નું લોકાર્પણ કરશે. રેલવે મંત્રાલયના 891 કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ</u>

ઉપરાંત, ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી લીલી ઝંડી આપશે.

શ્રી મોદી પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ગુજરાતના 34 જિલ્લાઓમાં 38 હજાર 949 આવાસોમાં નાગરિકોનો ગૃહપ્રવેશ કરાવશે, જેનાથી રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો માટે પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થશે.

(અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ)

# ASSAM - PRIME MINISTER

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ આજે બપોરે "મેરા બૂથ, સબસે મઝબૂત સંવાદ" કાર્યક્રમના ભાગ રૂપે આસામમાં પાર્ટી કાર્યકરો સાથે વાતચીત કરી. આ વાતચીતનો ઉદ્દેશ આગામી આસામ વિધાનસભા ચૂંટણી પહેલા પાયાના કાર્યકરોને ઉર્જા આપવાનો હતો, જેમાં રાજ્યના વિકાસને દર્શાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પાર્ટી કાર્યકરોને સંબોધતા, પ્રધાનમંત્રીએ છેલ્લા એક દાયકામાં આસામમાં થયેલા પરિવર્તન પર પ્રકાશ પાડ્યો, અને કહ્યું કે તમામ ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ રાષ્ટ્રીય લોકશાહી જોડાણ - NDA સરકારના "ડબલ-એન્જિન" મોડેલની સફળતાને પ્રતિબિંબિત કરે છે.

**(BYTE : PM ASSAM)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PRESIDENT - MAHAVIR JAYANTI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મહાવીર જયંતિની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે ભગવાન મહાવીરના પાંચ સિદ્ધાંતો - અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ - દરેકને જીવનમાં સાચા માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ સિદ્ધાંતો અપનાવીને લોકો પોતાના જીવનને અર્થપૂર્ણ બનાવી શકે છે અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

# LOK SABHA - NAXALISM DEBATE

લોકસભામાં દેશને ડાબેરી ઉગ્રવાદથી મુક્ત કરવાના પ્રયાસો પર ચર્ચા શરૂ થઈ. શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ નરેન્દ્ર મોદી સરકાર, અર્ધલશ્કરી દળો અને પોલીસ દળોના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે ડાબેરી ઉગ્રવાદ સામે લડતા જીવ ગુમાવનારા તમામ સુરક્ષા કર્મચારીઓને પણ શ્રદ્ધાંજલિ આપી. કોંગ્રેસ પક્ષની ટીકા કરતા શ્રી શિંદેએ કહ્યું કે સત્તામાં રહીને પાર્ટી આદિવાસી અને પછાત સમુદાયોને આવશ્યક સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ, જેના કારણે તેમને શસ્ત્રો ઉપાડવાની ફરજ પડી.

ભાજપના સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો હતો કે યુપીએ સરકારે નક્સલવાદીઓને રક્ષણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે યુપીએ શાસન દરમિયાન એપ્રિલ 2010 માં એક જ દિવસમાં 75 સીઆરપીએફ જવાનો શહીદ થયા હતા.

ટીડીપીના બાયરેડી શબરીએ આરોપ લગાવ્યો હતો કે યુપીએ શાસન દરમિયાન 2004 થી 2014 દરમિયાન નક્સલવાદી હુમલાઓની સંખ્યા સૌથી વધુ હતી.

# RAJYA SABHA - CENTRAL ARMED POLICE FORCES

રાજ્યસભાએ આજે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો - સામાન્ય વહીવટ વિધેયક, 2026 ની વિચારણા અને પસાર માટે ચર્ચા શરૂ કરી. આ વિધેયકનો ઉદ્દેશ્ય કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોમાં ગ્રુપ A જનરલ ડ્યુટી અધિકારીઓ અને અન્ય અધિકારીઓની ભરતી અને સેવા શરતો સંબંધિત સામાન્ય નિયમોનું નિયમન કરવાનો છે. વિધેયકમાં જોગવાઈ છે કે ઇન્સ્પેક્ટર જનરલના રેન્ક પર કુલ જગ્યાના 50 ટકા, એડિશનલ ડિરેક્ટર જનરલના રેન્ક પર 67 ટકા અને સ્પેશિયલ ડિરેક્ટર જનરલ અને ડિરેક્ટર જનરલના રેન્ક પરની બધી જગ્યાઓ પર ભારતીય પોલીસ સેવાના ડેપ્યુટેશનિસ્ટ અધિકારીઓ દ્વારા ભરવામાં આવશે.

# EC NOTIFICATION - TAMIL NADU - WEST BENGAL

ચૂંટણી પંચ દ્વારા આજે તમિલનાડુ વિધાનસભા ચૂંટણી અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બાહર પાડતા, નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તમિલનાડુની તમામ 234 વિધાનસભા બેઠકો અને પશ્ચિમ બંગાળની 152 બેઠકો માટે મતદાન આગામી મહિનાની 23મી તારીખે પ્રથમ તબક્કામાં થશે. 6 એપ્રિલ સુધી નામાંકન દાખલ કરી શકાશે. નામાંકનની ચકાસણી બીજા દિવસે શરૂ થશે. 9 એપ્રિલ સુધી નામાંકન પાછું ખેંચી શકાશે

# RAJYA SABHA - PRIME MINISTER'S FUND

પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના હેઠળ, શેરી વિક્રેતાઓને કુલ 17 હજાર 115 કરોડની એક કરોડથી વધુ લોનનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરી શેરી વિક્રેતાઓને જામીનમુક્ત મૂડી લોન આપવા માટે આ યોજના જૂન 2020 માં શરૂ કરવામાં આવી હતી. ગૃહ અને શહેરી બાબતોના રાજ્યમંત્રી તોખાન સાહુએ આજે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

# LOK SABHA - BANKING

સરકારે આજે જાહેરાત કરી છે કે દેશના 99.92 ટકા ગામડાઓમાં 5 કિલોમીટરની ત્રિજ્યામાં બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ છે. લોકસભામાં એક લેખિત જવાબમાં, નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના 100 ટકા ગામડાઓમાં પણ બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે સરકારના પ્રયાસો એ સુનિશ્ચિત કરવાના છે કે દેશના તમામ ગામડાઓમાં 5 કિલોમીટરની ત્રિજ્યામાં બેંકિંગ સુવિધાઓ ઉપલબ્ધ હોય.

# FACT CHECK - SITHARAMAN

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ એક એવા રોકાણ મંચનો પ્રચાર કરી રહ્યા છે જે સરળ નાણાકીય લાભનું વચન આપે છે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો - PIB ના ફેક્ટ ચેક યુનિટે જણાવ્યું હતું કે આ વીડિયો નકલી છે અને AI ટેકનોલોજીનો ઉપયોગ કરીને બનાવમાં આવ્યો છે. યુનિટે જણાવ્યું હતું કે નાણામંત્રીએ આવી કોઈ રોકાણ યોજના કે પ્લેટફોર્મનો પ્રચાર કર્યો નથી. સરકારે નાગરિકોને હંમેશા સત્તાવાર સ્ત્રોતોમાંથી આવા દાવાઓની ચકાસણી કરવા વિનંતી કરી છે.

# IPL

ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સે અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો ચાલી રહ્યો છે. અગાઉ, રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે, ચેન્નાઈ સુપર કિંગ્સે 19. રન 2 વિકેટ ગુમાવીને 3 ઓવરમાં કર્યા  હતા.

# VAISHNAV - ECMS APPROVED

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ECMS) હેઠળ કંપનીઓને મંજૂરી પત્રો સોંપ્યા. કુલ 7 હજાર 100 કરોડથી વધુના રોકાણ સાથે કુલ 29 અરજીઓને મંજૂરી આપવામાં આવી છે. આ પહેલથી 14,200 થી વધુ લોકો માટે રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ્સથી 84 હજાર 500 કરોડથી વધુનું ઉત્પાદન થવાની અપેક્ષા છે.

શ્રી વૈષ્ણવે મીડિયાને માહિતી આપી કે ECMS કાર્યક્રમ હેઠળ 61 હજાર કરોડના રોકાણ સાથે 75 પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.